# ફાયર સેફટીના મામલે શહેરના ૬ સરકારી સહીત ૨૯ બિલ્ડીંગોને નોટીસ

**૮ ટયુશન વર્ગો તેમજ ૯ હોસ્ટેલ અને ૫ લાઇબ્રેરીને પણ નોટીસ આપવામાં આવી**

ગાંધીનગર તા ૩૧

ગાંધીનગરમાં ફાયર સેફટીના મામલે મહાનગરપાલિકા દ્વારા સરકારી તેમજ ખાનગી બિલ્ડીંગોમાં ચકાસણી હાથ ધરવામાં આવી રહી છે. આજે પણ અભિયાન અન્વયે શહેરના ૨૯ બિલ્ડીંગોને નોટીસ આપવામાં આવી હતી. જેમાં ૬ સરકારી બિલ્ડીંગો સહીત ૮ ટયુશનના વર્ગોનો પણ સમાવેશ થાય છે. ૯ હોસ્ટેલો તેમજ ૫ લાઈબ્રેરીને પણ નોટીસ આપી ફાયર સેફટીના મામલે જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

શહેરના ખાનગી અને સરકારી બિલ્ડીંગોમાં ફાયર સેફટીના મામલે મહાનગરપાલિકા દ્વારા ચકસણી હાથ ધરવામાં આવી છે. સુરતની ઘટના બાદ પાટનગરમાં ફાયર સેફટીના મુદ્દે વિશેષ તકેદારી રાખવા માટે તંત્રની ટીમ છેલ્લા એક સપ્તાહથી કામે લાગી છે. શહેરની શાળા- કોલેજો તેમજ હોસ્પિટલને પણ ફાયર સેફટીના મામલે નોટીસ આપી એન ઓ સી મેળવી લેવા તાકીદ કરવામાં આવી છે. આગામી ટુંકા સમયમાં નવા શૈક્ષણિક સત્રના પ્રારંભ પુર્વે તમામ શૈક્ષણિક સંકુલોને ફાયર સેફટીના મામલે સજજ રહેવા તેમજ જરૂરી કાર્યવાહી પુર્ણ કરી દેવા માટે આદેશ અપાયો છે. બીજીતરફ શહેરમાં ધમધમતા ટયુશનના વર્ગો , લાયબ્રેરી, હોસ્ટેલ , હોટલો અને રેસ્ટોરન્ટ સહીતની મિલ્કતોમાં ફાયર સેફટીના પરિબળોને ધ્યાને લઈ જરરી ચકાસણી કરવામાં આવી રહી છે. ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા આ મામલે રોજબરોજ બાકી રહેતા એકમોને નોટીસ આપી આ મામલે જરૂરી કાર્યવાહી પુર્ણ કરી ફાયર સેફટીના મામલે બિલ્ડીંગને સુરક્ષિત બનાવવા માટે પણ નોટીસ આપવનો દોર ચાલુ છે. આજે પણ તંત્ર દ્વારા ૨૯ જેટાલા બિલ્ડીંગોને નોટીસ આપવામાં આવી હતી. જેમાં વિવિધ સેકટરોમાં ધમધમતા ૮ ટયુશનના વર્ગો , ૯ હોસ્ટેલ , ૫ લાઈબ્રેરી, એક આઈ ટી આઈ તેમજ ૬ સરકારી ઈમારતોને પણ નોટીસ આપવામાં આવી છે. શહેરના કુલ ૨૯ બિલ્ડીંગોમાં ફાયર સેફટીના પરિબળોને અનુલક્ષી ક્ષતિ માલુમ પડતા તંત્ર દ્વારા નોટીસ આપવામાં આવી છે.

# જિલ્લામાં આજથી ગ્રામસભા અભિયાન

**માત્ર ૧૯૬ ગામોમાં જ ગ્રામસભા યોજાશે અન્ય ગામોમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની આચારસંહિતાનો અમલ હોવાથી યોજાશે નહિ : ૪૦ જિલ્લા અધિકારીઓ ગ્રામસભામાં હાજરી આપશે**

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર જિલ્લાના ૧૯૬ ગામોમાં આજથી નવા વર્ષની ગ્રામસભાનો પ્રથમ તબક્કો શરૂ થઈ રહ્યો છે.

જિલ્લાના ૩૦૩ ગામો પૈકી બાકીના ગામોમાં બે ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણીઓ અને અન્ય ગામોમાં વોર્ડની પેટા ચૂંટણીઓ હોવાથી ગ્રામસભાઓ યોજવામાં આવશે નહિ.

જિલ્લામાં ગ્રામસભાઓનું આ પ્રથમ અભિયાન પંચાયતધારાની જોગવાઈઓને આધિન યોજવામાં આવી રહ્યુ છે. આ ગ્રામસભાઓને લઈ ૪૦થી વધુ જિલ્લાના અધિકારીઓને લાયઝન અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે જે ગ્રામસભામાં હાજર રહેશે.

આ વખતે ગ્રામસભા અભિયાન અંતર્ગત રજુ થનાર પ્રશ્નો માટે જિલ્લાની ફરિયાદ અને સંકલન સમિતિમાં પણ સમીક્ષા કરવામાં આવનાર છે.

મળતી વિગતો પ્રમાણે બપોરે ૧૨ વાગે અને બપોરે ૩ વાગે એમ બે સમયમાં આ ગ્રામસભાઓ યોજવામાં આવશે. આ ગ્રામસભા અભિયાન દરમ્યાન વાર્ષિક હિસાબો અને સ્વભંડોળની આવક, વેરાવસુલી સહિતની બાબતો રજુ કરવા ઉપરાંત ૧૪મા નાણાંપંચની ગ્રાન્ટના કરાયેલ ઉપયોગ અંગે સામાજિક ઓડિટ પણ કરાવવાનું રહેશે.

રાજયની સામુહિક વિકાસની યોજના, વ્યક્તીગત લાભાર્થીઓની યાદી નક્કી કરવા સહિતની બાબતો પણ ચર્ચામાં આવરી લેવાની રહેશે. ગામના માનવ વિકાસ સૂચકાંક વિશેની જાણકારી આપવા ઉપરાંત મનરેગા યોજનાનુ પણ સોશ્યલ ઓડિટ કરાવવાનું રહેશે.

૧૫ જુન સુધી આ ગ્રામસભા અભિયાન ચાલશે. આ અભિયાનનું નિયમિત રિપોર્ટીંગ પણ જે તે ગામના તલાટીએ જ કરવાનું રહેશે તેમજ તાલુકાએથી સીધુ રાજય સરકારને તેનુ રિપોર્ટીંગ કરવાનુ રહેશે.

જિલ્લાના જે ૧૯૬ ગામોમાં ગ્રામસભાઓ યોજાવાની છે તેમાં દહેગામના ૫૭, માણસાના ૫૧, ગાંધીનગરના ૪૩ અને કલોલના ૪૫ ગામનો સમાવેશ થાય છે. અન્ય ગામોની ચૂંટણીની આચારસંહિતા હોવાથી ગ્રામસભા યોજાશે નહિ.





આજે વિશ્વ તમાકુ નિષેધ દિન નિમિત્તે ગાંધીનગર મનપા દ્વારા વ્યસનમુક્તિ અંગેની જાગૃતિ માટે સાયકલ રેલીનું આયોજન કરવામાં આવ્યુ હતુ. મનપાની કચેરીથી આરોગ્ય કમિશ્નર કચેરી સુધી યોજાયેલ આ સાયકલ રેલીને મેયર રીટાબેન પટેલ અને કમિશ્નર ડૉ. રતનકુંવર ગઢવીચારણ દ્વારા વિદાય અપાઈ હતી. જ્યારે સાયકલવીરોને રેલીના અંતે સ્થાયી સમિતિના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડાના હસ્તે અભિનંદન પત્ર એનાયત કરાયા હતા.

# શહેરના ક-૬થી જીઆઇડીસી માર્ગને ફોરલેન બનાવવામાં આવશે

**આ વિસ્તારમાં ટ્રાફિકની અવરજવર સરળ બનશે : અંદાજિત ૪.૫ કરોડનો ખર્ચ**

ગાંધીનગર તા ૩૧

શહેરમાં માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરવા માટે હવે વરસાદી દિવસોના અંતે આયોજન કરાશે. જયારે માર્ગ સુધારણાના બાકી કામો સંદર્ભે પણ મંજુરી મેળવવાની પ્રક્રીયા હાથ ધરાશે. શહેરમાં ક -૬ થી સે-૨૫ જી આઇ ડી સીના માર્ગને ફોરલેન બનાવવા માટે પણ ટુંકમાં કામ હાથ ધરવા માટે આયોજન કરાયુ છે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૪.૫ કરોડનો ખર્ચ કરાશે.

ગાંધીનગરમાં માર્ગ સુધારણાના કામો હવે વરસાદી દિવસો બાદ હાથ ધરાશે. જો કે હાલ માર્ગ સુધારણાની દરખાસ્તો પણ પેન્ડીંગ છે. જયારે મંજુર કરાયેલા કામો પણ હજુ સુધી હાથ ધરાયા નથી. નવા સેકટરોમાં સે - ૬ થી ૮ ના આંતરિક માર્ગોનુ કામ પણ મંજુર કરી દેવાયુ છે. પરંતુ આ કામગીરી ચોમાસા બાદ થશે. જયારે શહેરના ખ માર્ગનુ કામ શરૂ કરી દેવાયુ છે. જેમાં ખ માર્ગ પર ખ -૬ થી ખ-૭ સુધીના માર્ગનુ વાઇડનીંગ અલબત્ત સિક્સલેન બનાવાની કામગીરી હાલ ચાલી રહી છે. પરંતુ બાકી કામગીરીનુ હજુ ઠેકાણુ પડયુ નથી. શહેરના વિવિધ માર્ગોની કામગીરીને અનુલક્ષી અગાઉ વાઈબ્રન્ટ સમિટ વેળાએ આયોજન કરાયુ હતુ. પરંતુ વાઈબ્રન્ટ સમિટના અંતે શહેરના મુખ્યમાર્ગોના બ્યુટીફિકેશન તેમજ એપ્રોચ તેમજ એન્ટ્રસ રસ્તાઓની કાયાપલટ કરવામાં તંત્ર વ્યસ્ત રહ્યુ હતુ. જો કે અન્ય કામોની દરખાસ્ત પણ મોટાભાગે મંજુરી થયેલી ન હોવાથી શહેરમાં રસ્તાના કામો હજુ સુધી પુર્ણ થયા નથી. જયારે હવે ટુંકમાં વરસાદી દિવસો શરૂ થવાના હોવાથી આગામી ત્રણ મહીના સુધી માર્ગ સુધારણાની કામગીરી ઠપ્પ થઈ જશે. બીજીતરફ શહેરના ક માર્ગ પર ક-૬ થી સે-૨૫ જી આઇ ડી સી ના સાંકડા માર્ગને ફોરલેન કરવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. આ માર્ગ હાલ સાત મીટર પહોળો છે. જયારે હવે આ ૧.૩ કી મી માર્ગને ફોરલેન કરવા માટે આયોજન કરાયુ છે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૪.૫ કરોડનો ખર્ચ કરાશે. જો કે હજુ જરૂરી મંજુરીના અંતે માર્ગને ફોરલેન કરવાનુ કામ હાથ ધરવામાં આવશે. આ કામગીરીના અંતે શહેરના ક માર્ગ સહીત સે-૨૫ જી આઇ ડી સી વિસ્તારમાં ટ્રાફિકની અવરજવર વધુ સરળ બનશે.

# શહેરમાં ગરમીનો મિજાજ હજુ પણ આકરો

**મહત્તમ તાપમાન ૪૩.૫ ડીગ્રી : બે દિવસથી રેકર્ડ બ્રેક તાપમાનના અંતે ગરમીનો પારો ૦.૫ ડીગ્રી નીચે ઉતર્યો**

ગાંધીનગર તા ૩૧

ગાંધીનગરમાં સતત ચાર દિવસથી કાળઝાળ ગરમીનુ મોજુ ફરી વળતા જનજીવન ગરમીથી પ્રભાવિત છે. ગરમીનો પારો સતત બે દિવસ સુધી ૪૪ ડીગ્રીને ટચ રહેતા શહેરીજનોએ આકરી ગરમીનો અહેસાસ કર્યો હતો. જયારે આજે પણ ગરમીનુ જોર કાંઇ ખાસ હળવુ ન થતા દિવસ દરમિયાન અસહ્ય ગરમીનુ જોર યથાવત રહ્યુ હતુ. જો કે ગરમીનો પારો અંશત : નીચે ઉતરતા મહત્તમ તાપમાન ૪૩.૫ ડીગ્રી રહ્યુ હતુ. જયારે મહત્તમ તાપમાન પણ ૨૯ ડીગ્રી રહેતા સાંજ ઢળ્યા બાદ પણ ગરમીનો એહસાસ નગરજનોને થઈ રહ્યો છે.

ગાંધીનગરમાં ગરમીની સિઝન આ વર્ષે વધુ આકરી પુરવાર થઈ છે. મહત્તમ તાપમાન ૪૪ ડીગ્રીને વટી જતા આકાશમાંથી અગ્નગોળા વરસતા હોવાનો અહેસાસ નગરજનો કરી રહ્યા છે. જયારે મેં મહીનામાં મહત્તમ તાપમાન સતત ૪૨ ડીગ્રીથી ઉપર જ રહેતા શહેરીજનો હવે ગરમીથી ગળે આવી ગયા છે. ગરમીથી ત્રસ્ત નગરજનો કામ સિવાય તાપમાં નિકળવાનુ પસંદ કરતા નથી. આક્રમક ગરમીએ છેલ્લા ત્રણ દિવસથી વધુ જોર પકડયુ છે. છેલ્લા ૧૦ દિવસથી ગરમીનો પારો આમ પણ ૪૨ ડીગ્રીની આસપાસ જ રહે છે. ત્યારે બે દિવસમાં સિઝનની રેકર્ડ બ્રેક ગરમીના લીધે શહેરીજનો ભઠ્ઠીમાં શેકાઈ રહ્યા હોવાનો અહેસાસ નગરજનો કરી રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર





લાયબ્રેરીમાં ભીડ જામી - સુરત અગ્નિકાંડ બાદ તંત્ર સફાળુ જાગ્યું અને શહેરના તમામ ટ્યુશન ક્લાસીસને સીલ મારી દેતા વિદ્યાર્થીઓ-વિદ્યાર્થીનિઓ વિવિધ પરીક્ષાઓની તૈયારી માટે ગાંધીનગરની સરકારી લાયબ્રેરીમાં વહેલી સવારથી જ પહોંચી જાય છે... જ્યાં જગ્યા મળે ત્યાં બેસીને તેઓ અભ્યાસ અને વાંચન કરી રહ્યા છે... કેટલાક વિદ્યાર્થીઓ મોડી પડતા તેમને જગ્યા નહિ મળતા જમીન પર પલાઠી મારીને વાંચન - અભ્યાસ કરી રહ્યા છે... પરિસ્થિતિ તો એવી છે કે જગ્યા ન મળતા વિદ્યાર્થીઓ બોર્ડ પર લગાવેલ સામાયિકો - અખબારો ઉભા-ઉભા વાંચી રહ્યા છે... જોકે વિદ્યાર્થીઓની માંગણી છે કે સત્વરે પ્રાઈવેટ ટ્યુશન ક્લાસીસ અને પ્રાઈવેટ લાયબ્રેરી શરૂ કરવામાં આવે તો અમને અગવડ પડે નહિ.

# મનપાને એડવાન્સ ટેક્સની વિક્રમી ૧૭.૧૧ કરોડ રૂપિયા આવક થઈ

**છેલ્લા દિવસે ૮૨ લાખની આવક થઈ : ૨૯,૧૦૦ કરાદાતાઓએ વળતર યોજનાનો લાભ લીધો : ૨.૭૧ કરોડની આવક ડિજીટલ પેમેન્ટથી થઈ**

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા એડવાન્સ ટેક્સ ભરનારાઓને વળતરની યોજનાના આજે અંતિમ દિવસે ૮૨ લાખ રૂ.ની આવક થવા પામી છે. આ સાથે એડવાન્સ ટેક્સની આવક મનપાને સમગ્ર મહિના દરમ્યાન ૧૭.૧૧ કરોડ થઈ છે.

આ વળતર યોજનાનો ૨૯,૧૦૦ કરદાતાઓએ લાભ લીધો છે. શહેરમાં કુલ કરદાતાઓની સંખ્યા ૫૮,૩૪૨ છે. આમ ૪૯.૮૮ ટકા મિલ્કતધારકોએ વળતર યોજનાનો લાભ લીધો છે.

મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૨૦૧૮-૧૯માં આવી જ વળતર યોજના અંતર્ગત ૧૪.૬૦ કરોડની આવક થઈ હતી. આમ આ વર્ષે ૨.૫૧ કરોડની વધુ આવક થઈ છે. આ સૂત્રોએ જણાવ્યુ છે કે ચાલુ વર્ષે ડિઝીટલ પેમેન્ટ પેટે રૂ. ૨.૭૧ કરોડની વસુલાત થઈ છે. જે કુલ વસુલાતના ૧૫.૮૪ ટકા જેટલી થાય છે. આ સૂત્રોએ જણાવ્યુ છે કે પહેલીવાર મહિલા મિલ્કતધારકો એડવાન્સ ટેક્સ ભરે તો વધારાના ૫ ટકા આપવાની જાહેરાતને પણ સારો પ્રતિસાદ સાંપડ્યો છે અને શહેરની ૪૭૩ મહિલા મિલ્કતધારકોએ આ યોજનાનો લાભ લીધો છે. મિલ્કતવેરાની વસુલી માટે હવે તંત્ર તેનુ સમગ્ર ધ્યાન કેન્દ્રીત કરી અને આવો રોડ મેપ તૈયાર કરશે તેમ મનપાના સૂત્રોએ જણાવ્યુ છે. આ અંગેની કવાયત પણ હાથ ધરવામાં આવી રહી હોવાનું જાણવા મળેલ છે.

સરકાર પાસેથી લેણી નીકળતી રકમને લઈ સરકારના વિભાગો સાથે ટૂંક જ સમયમાં બેઠકોનો દોર આરંભાશે તેમ પણ આ સૂત્રોએ જણાવ્યુ છે.

# મોટરથી પાણી ખેંચવાના મામલે સેકટરોમાં ૪ કિસ્સામાં નોટીસ

**સે-૨૪ અને સે-૨૫માં પણ મોટરથી પાણી ખેંચવાના મામલે ૮ને નોટીસ અપાશે**

ગાંધીનગર તા ૩૧

શહેરમાં ગરમીની સિઝન દરમિયાન પાણીની જરૂરિયાત સંતોષવા માટે જરૂરિયાત સામે વધુ પાણી પુરવઠો સપ્લાય કરવામાં આવતો હોવાનો દાવો તંત્ર દ્વારા કરવામાં આવે છે. શહેરમાં પ્રતિદિન ૫૮ એમ એલ ડી જેટલા પુરવઠાનો સપ્લાય કરવામાં આવતો હોવાછતા પણ સેકટરોમાં પુરતા ફોર્સથી પાણી ન આવતુ હોવાની બુમો ઉઠવા પામે છે. જયારે સે-૨૪ માં પાણીનો પ્રશ્ન જટીલ બન્યો છે. ત્યારે પાણીની સમસ્યા પાછળ મોટરથી પાણી ખેંચવાની હરકત તેમજ બગાડ પણ જવાબદાર હોવાનુ ધ્યાને આવ્યુ હતુ. જેને અનુલક્ષી મોટરથી પાણી ખેંચવાના કિસ્સામાં તંત્રએ જવાબદારોને નોટીસ આપવાનો નિર્ણય પણ લીધો હતો. આ મુજબ સે-૨૬ માં ૪ કિસ્સામાં નોટીસ આપવામાં આવી છે.

શહેરમાં આકરા ઉનાળે સેકટરોમાં સમયાંતરે પાણીની પોકાર ઉઠતી રહે છે. જયારે સે-૨૪ માં પણ ગરમી દરમિયાન પાણીનો પ્રશ્ન પેચીદો બનતા તંત્રના અધિકારીઓ તેમજ સ્થાનિક નેતાઓએ સ્થળ મુલાકાત લીધી હતી. આ દરમિયાન પાણીનો બગાડ પણ વિશેષ થતો હોવાનુ ધ્યાને આવ્યુ હતુ. જયારે આ સ્થિતિને ધ્યાને લઈને પાણીનો બગાડ અટકાવવા તેમજ મોટરથી પાણી ખેંચી લેવામાં આવતુ હોવાની ફરિયાદોને ડામવા માટે તંત્રએ કડક કાર્યવાહી હાથ ધરવાનો નિર્ણય લીધો હતો. જેને અનુલક્ષી તંત્ર દ્વારા મોટરથી પાણી ખેંચવાની હરકત સામે પગલા લેવા માટે વિવિધ ટીમો પણ બનાવી હતી જયારે આ ટીમો દ્વારા સેકટરોમાં ફરીને તપાસ પણ કરવામાં આવી રહી છે.

આ દરમિયાન તંત્રને પણ રહેણાંક વિસ્તારમાં મોટરથી પાણી ખેંચવામાં આવતુ હોવાની અનેક ફરિયાદો મળી હતી. જેના અંત સ્થળ તપાસ હાથ ધરીને આ પ્રકારની હરકત બદલ નોટીસ પણ આપવાનુ શરૂ કરી દેવાયુ છે. સે-૨૬ માં ચાર કિસ્સામાં આ મામલે નોટીસ આપવામાં આવી છે. જયારે સે-૨૪ ,૨૫ સહીતના વિસ્તારમાં પણ મોટરથી પાણી ખેંચવાના મામલે નોટીસ આપવામાં આવશે. અન્ય ૮ કિસ્સામાં આ પ્રકારની નોટીસ આપવામાં આવશે.

# મુખ્ય સચિવ ડૉ. જે. એન. સિંઘની મુદત છ મહિના લંબાવાઈ

ગાંધીનગર, તા. ૩૧

રાજ્યના મુખ્ય સચિવ જે. એન. સિંઘને મુખ્ય સચિવને વધુ છ મહિનાની મુદત માટે એક્ટેન્શન આપવાનો નિર્ણય કેન્દ્ર સરકાર દ્વારા લેવાયો છે અને આજે આ અંગેની વિધિવત જાહેરાત રાજ્ય સરકારે પણ કરી દીધી છે.

ડૉ. જે. એન. સિંઘ ચોથા મુખ્ય સચિવ છે. જેમની સેવા



મુદતમાં વધારો કરવામાં આવ્યો છે. ડૉ. સિંઘ નાણાં, સરદાર સરોવર નર્મદા નિગમ સહિત અનેક મહત્વના વિભાગોમાં અગાઉ ફરજ બજાવી ચૂક્યા છે. તેઓ આજરોજ સેવા નિવૃત્ત થવાના હતા. પરંતુ બપોર પછી સરકાર તરફથી આ જાહેરાત થતાં સચિવાલયમાં ચાલતી અટકળોનો અંત આવ્યો હતો.

## બેસણું



અમારા માતૃશ્રી પૂજ્ય **શાંતાબેન ભાનુશંકર આચાર્ય**નો તા. ૩૦/૫/૨૦૧૯ના રોજ સ્વર્ગવાસ થયેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૨/૬/૨૦૧૯, રવિવારના રોજ સવારે ૯-૦૦ થી ૧૧-૦૦** નીચેના નિવાસસ્થાને રાખેલ છે.

નિવાસસ્થાન : રાધા એપાર્ટમેન્ટ, પ્લોટ નં. ૧/૧, પ્રજાપતિની વાડીની પાછળ, વસંતકુંવરબા હાઈસ્કૂલની સામે, સેક્ટર-૨૮, ગાંધીનગર

લિ.

**દિપકભાઈ ભાનુશંકર આચાર્ય** (પુત્ર)
**ભરતભાઈ ભાનુશંકર આચાર્ય** (પુત્ર)
**અંજનાબેન દીપકભાઈ આચાર્ય** (પુત્રવધુ)
**નંદીબેન ભરતભાઈ આચાર્ય** (પુત્રવધુ)
**રંજનબેન ધ્રુવકુમાર દવે** (પુત્રી)
**ચંદ્રિકાબેન (દેવીબેન) હરદત્તકુમાર ભટ્ટ**
**ભારતીબેન મહેશકુમાર રાવલ** (પુત્રી)
**ભાવનાબેન મુકેશકુમાર જાની** (પુત્રી)

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઇ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com